અપીલ અરજી નં.૪૫૯ તા.૨૩–૩–૧૦

અરજદારઃ– શ્રી અમરનાથ એસ. ત્રિપાઠી
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરનાથ એસ. ત્રિપાઠીની તા.૧૧–૨–૧૦ ની અરજીથી સાઉથ(ઉધના) ઝોનમાં ટેકનીકલ વિભાગમાં ડે.ઈજનેર તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી એમ.સી.શાહનું કવોલીફીકેશન, સર્વિસ જોઈનીંગ તારીખ, પ્રમોશનની વિગત, પોસ્ટીંગ, બદલી વિ.ની ડીટેઈલ તથા પ્રોપર્ટીની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૫૯/૨૦૦૯–૧૦

શ્રી અમરનાથ એસ. ત્રિપાઠીની તા.૧૧–૨–૧૦ ની અરજીથી સાઉથ(ઉધના) ઝોનમાં ટેકનીકલ વિભાગમાં ડે.ઈજનેર તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી એમ.સી.શાહનું કવોલીફીકેશન, સર્વિસ જોઈનીંગ તારીખ, પ્રમોશનની વિગત, પોસ્ટીંગ, બદલી વિ.ની ડીટેઈલ તથા પ્રોપર્ટીની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૪૦૭૬ તા.૧૯–૨–૧૦ થી આપેલ માહિતી અધુરી અને અસ્પષ્ટ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧ તા.૫–૪–૧૦ થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ પ્રસ્તાવ કર્યા મુજબ વેબસાઈટ સર્ફીંગ કરી માહિતી મેળવેલ છે કે કેમ? તથા વિકલ્પે કચેરીએ જઈ સ ેવાપોથીનું નિરીક્ષણ કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તેમજ મિલ્કતની વિગેરે અધૂરી માહિતીના દાવા અંગે આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/એસ્ટા/ ૧ ૦૮ તા. ૧૩–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોનો પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૧–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૪૦૭૬ તા.૧૯–૨–૧૦ થી " ઉધનાઝોનમાં ટેકનીકલ વિભાગમાં ડે. ઈજનેર તરીકે ફરજ બજાવતા કર્મ. શ્રી એમ સી. શાહનું કવોલીફીકેશન સર્વીસ જોઈનીંગ તારીખ, પ્રમોશનની વિગત, વિગેરેને ડીટેઈલની માહિતી માંગવામાં આવેલ છે તે પૈકી સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા દરેક કર્મચારીઓની વિગત સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in પર આરટીઆઈના શિર્ષક હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી શીડયુલ–૯ માં મહાનગરપાલિકાના કર્મચારીઓની માહિતી હોદ્દો , કક્ષા, નામ, નંબર પર માહિતી સર્ચ કરી આપ મેળવી શકો છો. વધુમાં બાકી માહિતી ઝોન ખાતે ફરજ બજાવતા કર્મચારીઓની સેવાપોથી નિભાવવામાં આવે છે જેમાંથી ઉકત કર્મચારીની બાકી વિગતની જાણકારી આપ મેળવવા માંગતા હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૯) હેઠળ સદર દફતરના ઈન્સ્પેકશન માટે દિન–૭ માં કચેરીના કામકાજ દરમ્યાન આવી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે. આ અંગે કાયદાની કલમ–૭ સાથે નિયમ–૫(બી) ઈન્સ્પેકશન માટે અડધા કલાક બાદ પ્રતિ અડધા કલાકના રૂા.૨૦/– પ્રમાણે તથા જો નકલ મેળવવી હોય તો પ્રતિ નકલ એ/૪ સાઈઝ માટે રૂા. ૨/– લેખે ભરપાઈ કરવાની રહેશે તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે સમયસર માહિતી ન મળ્યાની અને અપૂર્ણ અને અસ્પષ્ટ માહિતી હોવાનું જણાવી તા.૨૩–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. ૧.જેમાં અરજદારે એમ સી. શાહને સર્વીસ રેકર્ડ માંગેલ છે જેનું વિવરણ અસ્પષ્ટ અને અપૂર્ણ છે. ૨. માહિતી લેખિતમાં માંગી છે નહીં કે વેબસાઈટ જોવા જેના માટે મે રૂા.૨૦/– ભરપાઈ કરેલ છે તેમજ આપના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૫૩ તા.૮–૩–૧૦ થી રૂા.૧૨/– રસીદ નં.૩૦૮૫૩૯ તા.૧૧–૩–૧૦ થી ભરેલ છે જેનાથી મોકલેલ માહિતી અસ્પષ્ટ છે તથા સંપતિનું વિવરણ અધૂરું છે સર્વીસ રેકર્ડની પ્રમોશન ડીમોશન સર્વીસ રેકર્ડ અસ્પષ્ટ છે તેવું અપીલમાં જણાવેલ છે. જે બાબતે અરજદારને અપીલ તબકકે આરટીઆઈ સેલ/૨૧ તા.૫–૪–૧૦ ના પત્રથી અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ પ્રસ્તાવ કર્યા મુજબ વેબસાઈટ સર્ફીંગ કરી માહિતી મેળવેલ છે કે કેમ? તથા વિકલ્પે કચેરીએ જઈ સેવાપોથીનું નિરીક્ષણ કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તેમજ મિલ્કતની વિગેરે અધૂરી માહિતીના દાવા અંગે આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ રજૂઆત કરેલ નથી. એટલે કે અરજદારે વેબસાઈટ ઉપરથી માહિતી મેળવેલ નથી એવું અનુમાનિત કરી શકાય. વધુમાં અરજદારે અપીલ અરજીમાં જણાવ્ય મુજબ રૂા.૧૨/– ભરી પ્રોપર્ટી અંગેની માહિતી મેળવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ઈનસ્પેકશન આપવામાં આવેલ છે. પરંતુ અરજદારે ઈન્સ્પેકશન મેળવેલ જણાતું નથી. આમ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી કરવામાં આવે છે.  અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન  દિન–૭ માં ઈન્સ્પેકશન કરવા સ્વતંત્ર છે. જે અંગે  કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી લાગુ કિસ્સામાં અરજદારે  ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ :   –૪–૧૦

ડે.કમિશનર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી અમરનાથ એસ. ત્રિપાઠી